# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૪/૧૦/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ચેમ્બરમાં ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીની ચર્ચા માટે મહત્વની ઈન્ટરેક્ટીવ મિટીંગ મળી, ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કરવા માટે કર્ણાટકાના ટેક્ષટાઇલ કમિશનરનુ આમંત્રણ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, તા. ૪ ઓકટોબર ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીની ચર્ચા માટે ઈન્ટરેકટીવ મિટીગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં કર્ણાટકા સરકારના ટેક્ષટાઇલ કમિશનર ડો. એમ.આર. રવિ (આઇ.એ.એસ.) અને ટેક્ષટાઇલ વિભાગના જોઇન્ટ ડાયરેકટર શ્રી એસ. પારેખ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ મિટીગમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, કર્ણાટકામાં પણ ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીનો વિકાસ થઇ રહયો છે ત્યારે કર્ણાટકા સરકાર આ ઇન્ડસ્ટ્રીના વધુ વિકાસ માટે શુ પ્રયાસો કરી રહી છે તેમજ આપણી સુરતની ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીને તેનાથી શુ લાભ થશે વિગેરે માહિતી સાથેનુ માર્ગદર્શન આજની મિટીગમાં મળી રહેશે.

કર્ણાટકા સરકારના ટેક્ષટાઇલ કમિશનર ડો. એમ.આર. રવિએ જણાવ્યુ હતુ કે, કર્ણાટકા સરકારની ત્રીજી ટેક્ષટાઇલ પોલિસી ટૂંક સમયમાં બહાર પડશે. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ સુધી આ પોલિસી રહેશે. જેમાં સરકારે ખાસ કરીને રેડીમેડ ગારમેન્ટીગ ઉપર ભાર મુકયો છે. કારણ કે કર્ણાટકા રાજયમાં એગ્રીકલ્ચર બાદ સૌથી વધુ રોજગાર આ ઇન્ડસ્ટ્રી પુરો પાડે છે. બીજુ કારણ કે કર્ણાટકામાં ૯૦ ટકા મહિલાઓ ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલી છે. આથી કર્ણાટકા સરકાર ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીમાં નવા રોકાણકારોને કેપિટલ સબસિડી, ઇન્ટરેસ્ટ સબસિડી તથા અન્ય ઇન્સેન્ટીવ અને સુવિધાઓ ટેક્ષટાઇલ પોલિસી અંતર્ગત પુરી પાડશે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, કર્ણાટકા સરકાર ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં ઇકો સિસ્ટમ ઉભી કરવા જઇ રહી છે. ટેકનીકલ ટેક્ષ્ટાઇલમાં રોકાણ કરનાર રોકાણકારોને ૩૫ ટકા સુધીની સબસિડી આપવામાં આવશે. કર્ણાટકામાં બેંગલુરુ, મૈસુર, ધારવા, બેલગામ અને અથની વિગેરે સ્થળે ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ થયુ છે. ઇચ્છલકરંજીથી નવ–દસ કિલોમીટરના અંતરે સરકાર મોરગાવ ખાતે આખો ટેક્ષ્ટાઇલ પાર્ક બનાવવા જઇ રહી છે. જયાં મોટાભાગની વિવિંગ એકટીવિટી થશે. સાથે સાથે લેધર ગારમેન્ટીગ એકટીવિટી પણ ત્યાં થશે. આથી કર્ણાટકામાં વિવિંગ, સ્પીનિંગ, ગારમેન્ટીગ અને ટેકનીકલ ટેક્ષ્ટાઇલમાં રોકાણ કરવા માટે સારી તક હોવાથી સુરતના બિઝનેસમેનો, સ્ટાર્ટઅપ્સ અને આંત્રપ્રિન્યોર્સને ત્યાં નવા પ્રોજેકટમાં રોકાણ કરવા માટે તેમણે આમંત્રણ આપ્યુ હતુ.

આ ઇન્ટરેકટીવ મિટીંગમાં ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ તેમજ ફિયાસ્વીના ચેરમેન શ્રી ભરત ગાંધી તથા ચેમ્બરની ટેક્ષ્ટાઇલ (વિવિંગ, નીટિંગ અને યાર્ન) કમિટીના ચેરમેન તેમજ પાંડેસરા વિવર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી આશિષ ગુજરાતીએ પ્રાસંગિક વિધી કરી હતી.